| PUBLICATION NAME : | Ahmedabad Express |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 05/12/23 |
| PAGE : | 6 |



આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઇડીઆઇઆઇ) એ સફળ દિવ્યાંગ ઉદ્યોગસાહસિકોનું સન્માન કરીને તથા દરેક વ્યક્તિ માટે તકો ધરાવતા સમાવેશી સમાજની જરૂરિયાત વિશે વાત કરવા જાણીતા પ્રોફેશ્નલ્સને આમંત્રિત કરીને ઇન્ટરનેશનલ ડે ઓફ પર્સન્સ વિથ ડિસએબિલિટીની ઉજવણી કરી હતી. ગુજરાત સરકારના સામાજિક સંરક્ષણ નિયામક કચેરીના નાયબ નિયામક શ્રી કલ્પેશ વાણિયા આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. એવોર્ડ મેળવનારાઓમાં પટેલ અમિતકુમાર અશોકકુમાર (મીટસન રિન્યુએબલ ટેકનોલોજી); પટેલ શુભદ્રાબેન બાબુભાઈ (ગ્રીશા કોમ્પ્યુટર એન્ડ કોમન સર્વિસ સેન્ટર) અને ઝાલા મંગુબેન ભલાભાઈ (પશુપાલન ક્ષેત્રે)નો સમાવેશ થાય છે.